ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/જાહેરાત/૨૦૨૧/ ૧૧૩૮-૪૩

કમિશનર શાળાઓની કચેરી,

બ્લૉક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર

તા. /૧/૨૦૨૧

૧૩/૧/૨૦૨૧

પ્રતિ,

માહિતી નિયામકશ્રી,

માહિતી નિયામકશ્રીની કચેરી,

બ્લૉક નં.૧૯,બીજો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.

વિષય: બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી કરવા અંગેની તા.૧૪/૧/૨૦૨૧ના વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી કરવા અંગેની પ્રક્રિયા હાથ ધરવાની હોઇ જાહેરાત નિયત નમુનામાં આ સાથે મોકલી આપવામાં આવે છે. રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં કોઇપણ બે ગુજરાતી દૈનિક વર્તમાન પત્રોની તમામ આવૃત્તિમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

આપના તરફથી તા.૧૪/૧/૨૦૨૧ના રોજ અચુકપણે જાહેરાત પ્રસિધ્ધ કરવા અંગેની વર્તમાનપત્રોને જાણ કર્યા અંગેના પત્રોની નકલો પણ આ કચેરીને મોકલી આપવા વિનંતી છે.

બિડાણ : જાહેરાતનો નમૂનો

આપનો વિશ્વાસુ

(એચ.એન.ચાવડા)

સંયુક્ત શિક્ષણ નિયામક

(માધ્યમિક)

ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

- અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. શિક્ષણમંત્રીશ્રી(રાજ્ય કક્ષા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
- અંગત મદદનીશશ્રી, સચિવશ્રી,(પ્રાથમિક અને માધ્યમિક)નું કાર્યાલય, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર

## જાહેરાત

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતી,**
**કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લૉક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.**

---

**(બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત ક્રમાંક: ૧/૨૦૨૧ થી ૧૮/૨૦૨૧ અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત ક્રમાંક: ૧૯/૨૦૨૧ થી ૨૬/૨૦૨૧ )**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એચ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તા.03/0૬/૨૦૧૩ના જાહેરક્રમાંક:જીએચ/એસ.એચ/૨૫/ બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ,શિક્ષણ વિભાગના તા.૨૦/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસ.એચ /૮૦/બમશ /૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી દ્વારા મળેલી નીચે મુજબ અંદાજીત ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઈટમાં ઉલ્લેખ કરેલ સુચનાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવે છે.વિગતવાર સુચનાઓ વેબસાઈટ પર મુકેલ છે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત:**

લાયકાત ધરાવતા ઉમેદવારો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે ઓનલાઈન અરજી તા.૧૫/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક થી તા.૨૪/૦૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી જ્યારે માધ્યમિક વિભાગ માટે તા.૧૮/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકથી તા.૨૭/૦૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ **https://gserc.in/** ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઈન અરજી કરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલ ફી ઓનલાઈન ભરી શકશે. નિયત સમયમાં ફી ન ભરેલ ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાત્રી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.ઉમેદવારો અરજી કરવાની છેલ્લી તારીખ સુધી પોતાની અરજી **edit** કરી શકશે ત્યારબાદ સુધારા વધારા અંગે કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**અંદાજીત ખાલી જગ્યાની વિગત:**

| ક્રમ | વિભાગ | માધ્યમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| 1 | ઉચ્ચત્તર માધ્યમિક | ગુજરાતી માધ્યમ | 3312 |
| | | અંગ્રેજી માધ્યમ | 70 |
| 2 | માધ્યમિક | ગુજરાતી માધ્યમ | 2258 |
| | | અંગ્રેજી માધ્યમ | 49 |

ઉપરોક્ત ખાલી જગ્યાઓમાં મહિલા અનામત અને ભુતપુર્વ સૈનિક માટે રાજ્ય સરકારના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ મુજબ ભરતી પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે.

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ એક સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વ ધરાવતી હોઈ **સદર શાળાઓની મહિલા અનામત જગ્યા પર ફક્ત મહિલા ઉમેદવારો જ ફાળવવામાં આવશે. આ અંગે મહિલા ઉમેદવારોએ તેઓ મહિલા અનામતની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા ઇચ્છે છે કે કેમ? તે અંગે ઓનલાઇન અરજી ફોર્મમાં વિકલ્પ આપવાનો રહેશે. વિકલ્પ નહી આપનાર મહિલાઓની ફાળવણી મેરીટના ધોરણે ફક્ત સામાન્ય જગ્યાઓ પર કરવામાં આવશે આવા મહિલા ઉમેદવારોનો મહિલા અનામતની જગ્યા પર હક્ક દાવો રહેશે નહી.**

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજીત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઈ હકદાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર.ખાલી જગ્યા ઉપર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી. સંજોગોવશાત સમગ્ર જાહેરાત રદ કરવામાં આવશે અને તે અંગે ભરતી સમિતીનો નિર્ણય આખરી રહેશે, આ અંગે ઉમેદવારોનો કોઈ હકદાવો રહેશે નહીં.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૮ના જાહેરનામાથી લેવાયેલ **TAT** પરીક્ષા સંબંધિત માધ્યમ/વિષયમાં ઉતીર્ણ થયેલા અને પાત્રતા ધરાવતા ઉમેદવારો પ્રસ્તુત ભરતી પ્રક્રિયામાં અરજી કરી શકશે.

યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. રાજ્ય બહારની યુનિવર્સીટીની ઓપન અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પરની ઉમેદવારોની નિમણૂંક બિનસરકારી અનુદાનિત/સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતીની વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૯-૨૦ જાહેરાત અન્વયે જે તે જગ્યાઓ માટે ઉમેદવારોએ નિમણૂંક બાબતે નામદાર હાઈકોર્ટ માં દાખલ કરેલ કેસોના આખરી ચુકાદાને આધીન રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ **https://gserc.in/** વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ ભરતી સંબંધિત તમામ સુચનાઓ અને વિગતો વખતો વખત વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઈટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઈટ પર મુકેલ કોઈપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઈપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

**Sd/-**
(પી. ભારથી આઇ.એ.એસ.)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને નિયામક,
શાળાઓની કચેરી,
ગુ.રા,ગાંધીનગર